**ક્રિમિનલ કેસ નં. ૮૧૬૮૯/૨૨ ના કામે આંક–૧ લગત હુકમઃ–**

---

(૧) સદર કામે આરોપીઓ વિરૂધ્ધ શાહપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.રજી.નં.૧૧૧૯૧ ૦૪૩૨૨૦૧૩૦/૨૦૨૨ થી ઈ.પી.કોડ કલમ –૪૯૮(ક),૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ–૩,૪ મુજબ અન્વયેના શિક્ષાપાત્ર ગુનાની ફરીયાદ નોંધાતાં ત.ક.અમલદાર દ્વારા ગુનાની તપાસ કરી ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરતાં આરોપીઓ વિરૂધ્ધ આ અદાલત દ્વારા ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવેલ.

(૨) ત્યારબાદ આ કામના આરોપીઓ દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ક્રિ.પ.અ.નં.૩૫૦૨૧/૨૦૨૨ થી શાહપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.રજી.નં.૧૧૧૯૧૦૪૩૨૨૦૧ ૩૦/૨૦૨૨ ની એફ.આઈ.આર. રદ કરવા દાદ માંગતાં સદર કામે ફરીયાદી તથા આરોપીઓ વચ્ચે સમાધાન થઈ ગયેલ હોઈ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તા.૧૩/૧૨/૨૦૨૨ ના રોજ હુકમ કરી શાહપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.રજી.નં.૧૧૧૯૧ ૦૪૩૨૨૦૧૩૦/૨૦૨૨ ના કામેની એફ.આઈ.આર. તથા તેને સંલગ્ન તમામ આનુષંગિક કાર્યવાહી રદ કરવા હુકમ કરેલ હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

૧. નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ મુજબ શાહપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.રજી.નં.૧૧૧૯૧૦૪૩૨૨૦૧૩૦/૨૦૨૨ ના કામેની એફ.આઈ.આર. રદ થતાં તેને આનુષંગિક કાર્યવાહીના સ્વરૂપે ક્રિમિનલ કેસ નં. ૮૧૬૮૯/૨૦૨૨ નું કામ ફેસલ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(મનોજકુમાર રાધેશ્યામ લાલવાણી)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨૫,અમદાવાદ.
(GJ01124)

અમદાવાદ.
તા. ૨૦/૦૩/૨૦૨૩